| Publication –JaiHind | Page No. 08 |
| --- | --- |
| Edition – Ahmedabad | Date – 14.11.2020 |

**NEPRA works with the motto of 'Zero waste to landfill'**

JAI HIND-AHMEDABAD

08 SATURDAY • 14-11-2020

સુકા કચરાની સમસ્યાનું નિરાકરણ લાવવાનો પ્રયાસ

# ઝીરો વેસ્ટ ટુ લેન્ડફિલના ધ્યેય સાથે કાર્યરત બનેલી નેપ્રા

અમદાવાદ તા.૧૩

નેપ્રા ભારતના સુકા કચરા વ્યવસ્થાપનની સમસ્યાનું સમાવેશી, પારદર્શક અને ટેક-આધારિત સામાજિક-વ્યવસાયિક મોડેલ દ્વારા નિરાકરણ લાવવાના પ્રયત્નો કરે છે. નેપ્રાની કચરો વ્યવસ્થાપન સેવાઓ અદ્યતન મટીરિયલ રિકવરી ફેસિલીટીઝનું સર્જન કરીને પર્યાવરણીય પાલના સલાહકાર, સંગ્રહ, વેસ્ટ પ્રોસેસ અને રિસાયકલીંગ દ્વારા આખા ભારતમાં ફેલાયેલી છે.

**મલ્ટી લેયર્ડ પેકેજિંગ માટે નેપ્રા ૧૮ રાજ્યોમાં સ્ટાર્ટઅપ્સ સામે જોડાણ ધરાવે છે**

નેપ્રા ભારતીય કચરો વ્યવસ્થાપન ક્ષેત્રે પડકારોને એક પછી એક 'ઇનોવેટ એન્ડ ઈમ્પ્રુવિઝ'ની સરળ વ્યૂહરચના દ્વારા દૂર કરી રહી છે, નેપ્રા 'ઝીરો વેસ્ટ ટુ લેન્ડફિલ'ના ધ્યેય સાથે કામ કરે છે. નેપ્રા શહેર-કક્ષાની કચરો વ્યવસ્થાપન સેવાઓમાં કાર્યરત છે. જેમાં જાગૃતિથી લઇને ઘણા મોટા અને નાનો કચરો પેદા કરનારાઓથી સોર્ટીંગ સુધી (કચરાના પ્રકાર અનુસાર) તેનું તેના મિકનાઇઝ્ડ મટિરીયલ રિસવરી ફેસિલીટીઝ અને અંતે રિસાયકલ કરવાનો સમાવેશ થાય છે. રિસાયકલેબલ સ્વરૂપમાં પ્રોસેસ કરાયેલ કચરાનું રિયસાયકલર્સને નવી પ્રોડક્ટસ શોધવા માટે અને નોન- રિસાયકલેબલ્સને ઉર્જા પ્રાપ્તિ માટે આગળ ધપાવવામાં આવે છે. નેપ્રાનું મોડેલ તેના અનેક મુખ્ય હિસ્સા ધારકોમાંથી એક તરીકે ઔપચારીક ક્ષેત્ર (કચરો વીણનારાઓ, વાળનારાઓ અને અન્ય ઈકોનોમિક પિરામીડના તળીયાના અન્ય લોકો) નું સર્જન કરે છે. તે અસંગઠિત કચરા સંચાલનને સંગઠિત થવામાં મદદ કરે છે અને જે રીતે કચરો એકત્ર કરવામાં આવે છે. અને નાખવામાં આવે છે તેમાં વિવિધ ટેકનોલોજીઓ જેમ કે જીપીએસ, ફેસિયલ રેકોગ્નીશન દ્વારા પરિવર્તન લાવે છે જે તેને વધુ કાર્યક્ષમ અને પારદર્શક બનાવે છે. ફેસિયલ રેકોગ્નીશન દ્વારા પરિવર્તન લાવે છે જે તેને વધુ કાર્યક્ષમ અને પારદર્શક બનાવે છે. ફેસિયલ રેકોગ્નીશન દ્વારા નેપ્રાએ તે જયાં કામ કરે છે ત્યાં કચરો વીણનારાઓને સૌ પ્રથમ ડેટાબેઝ તૈયાર કરવામાં મદદ કરી છે. તેણે કચરો વીણનારાઓને વ્યાજબી અને સમાન ચૂકવણીઓ મળી રહે તેની ખાતરી કરીને શોષણ નિયંત્રિત કરવામાં મદદ કરી છે. જેમાં તેમને નેપ્રાના સવલતોમાં તાલીમ અને રોજગારી આપવામાં આવે છે જે તેમને આર્થિક સુરક્ષા પ્રદાન કરે છે.

નેપ્રાએ અત્યાર સુધીમાં ૨૦૦૦ થી વધુ કચરો વીણનારાઓને સાંકળી લીધા છે. મલ્ટી લેયર્ડ પેકેજિંગ માટે નેપ્રા ભારતમાં ૧૮ રાજયોમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ નાના કચરા સંચાલન એનજીઓ ઉત્થાન અથવા સ્ટાર્ટઅપ્સ સાથે જોડાણ ધરાવે છે. છેલ્લા એક વર્ષમાં નેપ્રાએ ૪૦ સ્થાનિક સરકારી ઓથોરિટીઓ સાથે કામ કર્યુ છે. છેલ્લા બે વર્ષમાં નેપ્રાએ ૬૭૧૦૮.૯૩ એમટી સૂકા કચરાનું સફળતાપૂર્વક રિસાયકલીંગ કર્યુ છે.